ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# દસમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કલાપરખ

**મિનલ આર. ખાચર**

એમ.એ., એમ.એડ્.

પીએચ.ડી. સ્કોલર

**સારાંશ**

શાળા એ સમાજનું અંગ છે. દેશના ભાવિ નાગરિકોનો મહત્ત્વનો વિકાસ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં અંબાસણા રચિત કલાપરખ કસોટીનો ઉપયોગ કરીને માધ્યમિક શાળાના દસમાં ધોરણના વિદ્યાર્થીઓ (કુમાર–કન્યાઓ)ની જાતીયતા પર અસર જાણવામાં આવી હતી. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ૫૦ ગુણની અને ૫૦ ચિત્રોની જોડવાળી પ્રમાણિત કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કલાપરખના માપન માટે પરીક્ષાના ગુણને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. યોગ્ય અંકશાસ્ત્રીય પ્રયુક્તિ વડે માહિતી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત પરિણામો આ પ્રમાણે હતા. (૧)દસમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કુમારો અને કન્યાઓની કલાપરખ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

## દસમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કલાપરખ

### ૧.૦ પ્રસ્તાવના

આધુનિક યુગમાં બાળકો પોતાના વિશે શું વિચારે છે ? કેવું વિચારે છે ? તે જાણવું અત્યંત જરૂરી છે. આવા બાળકો જ્યારે પોતાનો આત્મવિશ્વસ ગુમાવે છે ત્યારે તે નાસીપાસ થઈ જાય છે એટલે એકવીસમી સદીમાં બાળકો પોતાના વિશે નબળું ન વિચારે તે માટે ખૂબ જ પ્રયત્નો કરવામાં આવે છે. દરેક બાળકમાં કોઈ ન કોઈ શક્તિ છુપાયેલી હોય છે. બાળકોમાં રહેલી આવી શક્તિને બહાર લાવવા માટે વિવિધ સંશોધનો હાથ ધરવામાં આવે છે. આવા સંશોધનોથી બાળકોના આત્મવિશ્વાસમાં વધારો કરી શકાય છે, તેમજ તેની અંદર પડેલી કલાને પરખી તેને પ્રોત્સાહિત કરી જીવનના શીખરો સર કરાવી શકાય.

VIDHYAYANA

### ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે હતા.

૧. વિદ્યાર્થીઓની કલાપરખ જાણવી.

૨. વિદ્યાર્થીઓની કલાપરખ પર જાતીયતાની અસર જાણવી.

### ૩.૦ અભ્યાસની ઉત્કલ્પના

સંશોધકે આ મુજબની શૂન્ય ઉત્કલ્પના રચી હતી.

૧. દસમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કુમારો અને કન્યાઓની કલાપરખ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૪.૦ ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા જેની બે કક્ષાઓ (૧) કન્યા અને (૨) કુમારો હતા. પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે કલાપરખ પરના પ્રાપ્તાંકો હતા.

## ૫.૦ સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓમાં રહેલ કલાને ઓળખવાની શક્તિનો અભ્યાસ કરવાનો હતો. આથી કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'માન અને મૂલ્યાંકન'નું હતું.

## ૬.૦ સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન તથા સંખ્યાત્મક પ્રકારનું હતું.

## ૭.૦ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ વર્ષ ૨૦૧૭–૧૮ની રાજકોટ શહેરની માધ્યમિક શાળાઓના દસમાં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હતા. શાળાઓમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી હતું.

## ૮.૦ નમૂના પસંદગી

વ્યાપવિશ્વમાં અનુદાનિત શાળાના કુમારો અને કન્યાઓ પસંદ કરવામાં આવ્યા હતા. પસંદ થયેલી શાળાઓમાંથી ધોરણ–૧૦ના વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવેલ જેમાં ૧૫૧ કુમારો અને ૧૫૧ કન્યાઓ હતી. કુલ મળી ૩૦૨ વિદ્યાર્થીઓનો નમૂનો પસંદ કરવામાં આવેલ હતો.

## ૯.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓની કલાપરખ પર જાતીયતાની અસર જાણવાની હોવાથી પ્રસ્તુત અભ્યાસ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યો હતો. નમૂનાના પાત્રો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી હતી. તેથી સંશોધક દ્વારા વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ પસંદ કરવામાં આવી હતી.

## ૧૦.૦ ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે અનિલ અંબાસણા રચિત કલાપરખ કસોટી લેવામાં આવી હતી. કસોટીની વિશ્વસનીયતા ત્રણ પ્રકારો શોધી હતી. (૧) અર્ધ વિચ્છેદન વિશ્વસનીયતા $r = 0.69$, $n = 100$ (૨) કસોટી–પુનઃકસોટી વિશ્વસનીયતા $r = 0.75$, $n = 70$

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

અને ૩) તાર્કિક સમાનતા r = 0.66, n = 100 સો ચિત્રોની જોડવાળી પૂર્વકસોટીનું પૂર્વેક્ષણ કરતા પહેલા 25 કલાના તજજ્ઞોને કસોટી બતાવવામાં આવી હતી. તેઓની દષ્ટિએ જોડનું જે ચિત્ર કલાત્મક હતું તે અનુસાર ગુણાંકન ચાવી તૈયાર કરવામાં આવી હતી. પૂર્વેક્ષણ ૫૬૧ વિદ્યાર્થીઓના નમૂના પર કરવામાં આવેલું. કલમ પૃથક્કરણના પરિણામને આધારે ૫૦ ચિત્રોની જોડ પસંદ કરવામાં આવેલી જે પૈકી ૩૦ જોડ પરંપરાગત વિષયવસ્તુ આધારિત (Representational) અને ૨૦ જોડ બિનપંરપરાગત વિષયવસ્તુ અમૂર્ત વિષયવસ્ત] (Non-representational) આધારિત હતી.

## ૧૧.૦ કલાપરખ કસોટીનું અમલીકરણ

પ્રસ્તુત સંશોધનમાં કલાપરખ કસોટી અને ઉત્તરપત્ર અલગ વાપરવામાં આવે છે. ઉત્તરપત્ર પર કસોટીના ઉત્તર આપવાની સૂચના આપેલી છે. પ્રયોગપાત્ર એ ચિત્રની જોડો નિહાળી બે પૈકી કયું ચિત્ર તેમની દષ્ટિએ વધુ સારું છે તે ચિત્રોનો ક્રમ બ અને ખ ઉત્તરમાં તે માટે આપેલ વર્તુળ કરી દર્શાવવાનું રહે છે. કસોટી પૂરી કરવા માટે કોઈ સમયમર્યાદા નથી, પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓ ૨૫ થી ૩૦ મિનિટમાં કામ પૂરું કરે છે.

## ૧૨.૦ માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રી કરવા માટે સંશોધકે પસંદ કરેલી શાળાઓના આચાર્યોનો સંપર્ક કરવા તેમની રૂબરૂ મુલાકાત લીધેલી હતી. પ્રથમ સંશોધનનો હેતુ સમજાવી કસોટીનો પરિચય આપ્યો હતો ત્યારપછી માહિતી એકત્રિત કરવા દેવાની મંજુરી મેળવી હતી.

આચાર્યશ્રીએ મંજુરી આપ્યા બાદ ચોક્કસ સમય ફાળવી આપેલ હતો. સંશોધક પોતે આચાર્યશ્રીએ ફાળવેલ સમયે ત્યાં માહિતી મેળવવા માટે હાજર રહ્યા હતા.

સંશોધકે નિશ્ચિત સમયે શાળાએ હાજર રહ્યા બાદ વિદ્યાર્થીઓને કલાપરખ કસોટીની માહિતી આપેલ. ઉત્તરપત્રોમાં ભરવાની જરૂરી માહિતીની વિગત સમજાવેલ અને ઉત્તરો કેવી રીતે આપવાના છે તે અંગેની તમામ જરૂરી સૂચનાઓ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરેલ હતી.

આ કસોટીના ઉત્તરો આપવા માટે વિદ્યાર્થીઓને ૩૦ થી ૩૫ મિનિટનો સમય લાગતો હતો.

અંતમાં સંશોધકે શાળાના વિદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ તેમજ અન્ય સહકર્મચારીઓનો આ કસોટી લેવાની મંજુરી આપી સહકાર આપેલ તે બદલ આભાર વ્યકત કર્યો હતો.

## ૧૩.૦ માહિતીનું પૃથક્કરણ

પ્રયોજકે કલાપરખ પ્રશ્નાવલિ દ્વારા મળેલી માહિતીનું ત્રિબિંદુ સ્કેલ પ્રમાણે ગુણાંકન કરીને દરેક પાત્રના કલાપરખ અંક મેળવવામાં આવ્યા હતા. ત્યારબાદ અભ્યાસમાં આવરાયેલા ચલો મુજબ માહિતીનું વર્ગીકરણ કરી તેના આધારે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

"દસમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કુમારો અને કન્યાઓની કલાપરખ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય."

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે નમૂનાના પાત્રોના જાતીયતા અનુસાર જૂથો પાડવામાં આવ્યા હતા. આ જૂથોના કલાપરખ પ્રાપ્તાંકોના તફાવતની સાર્થકતા તપાસવા માટે ટી–કસોટી હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામો સારણી–૧માં રજૂ કરેલ છે.

**સારણી–૧**

**જાતીયતા અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા, સરાસરી, પ્રમાણવિચલન અને ટી–મૂલ્ય**

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુમારો | ૧૫૧ | ૧૮.૯૦ | ૪.૮૭ | ૧.૪૧ | સાર્થક નથી |
| ૨ | કન્યાઓ | ૧૫૧ | ૧૮.૧૭ | ૪.૧૩ | | |

VIDHYAYANA

સારણી–૧નું અવલોકન કરતા જણાય છે કે વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૩૦૨ હતી. જેમાં ૧૫૧ કુમારો અને ૧૫૧ કન્યાઓ હતી. કુમારોના પ્રાપ્તાંકોની સરાસરી ૧૮.૯૦ અને કન્યાઓના પ્રાપ્તાંકોની સરાસરી ૧૮.૧૭ હતી. કુમારોનું પ્રમાણવિચલન ૪.૮૭ અને કન્યાઓનું પ્રમાણવિચલન ૪.૧૩ હતું. કુમાર અને કન્યાઓની સરાસરીના તફાવતનું ટી–મૂલ્ય ૧.૪૧ હતું જે ૦.૦૧ કે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું આથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થયો હતો.

## ૧૪.૦ તારણો

દસમાં ધોરણના વિદ્યાર્થીઓમાં કુમાર અને કન્યાઓની કલાપરખ વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

## સંદર્ભસૂચિ

ઉચાટ, ડી.એ. (૨૦૧૨). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.** (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). **સંશોધનનું સંદોહન.** રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૯–૨૦૦૬). **સંશોધનોનો સારાંશ.** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). **સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?** રાજકોટ : નિજ્જિન સાયકો સેન્ટર.

દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કૃ. ગો. (૧૯૯૨). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ** (૫ મી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

દોંગા, એન. એસ. (૨૦૧૨). **અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેક્નોલોજી.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.